પાયાભૂત કસોટી : 2018-19

વિષય : સામાન્ય વિજ્ઞાન

લેખિત પ્રશ્નોબાબત શિક્ષકોને સૂચના

શૈક્ષણિક વર્ષ 2017-18 થી ધોરણ અનુસાર અને વિષય અનુસાર અધ્યયન નિષ્પત્તીનું વિકસન કરવામાં આવેલું છે. આ અધ્યયન નિષ્પત્તી પાઠ્યપુસ્તકમાં પણ છાપવામાં આવી છે.

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ, નવી દિલ્લીના સૂચનાનુસાર વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષમતા સંપાદન આ અધ્યયન નિષ્પત્તીના આધારે તપાસવામાં આવશે આ પછી આવતા સમયમાં થનાર બધી રાષ્ટ્રીય સંપાદન સર્વેક્ષણો આ અધ્યયન નિષ્પત્તીપર આધારીત હશે. તેને લીધે પાયાભૂત કસોટી વિકસીત કરતી વખતે પાછલા ધોરણના વિષયનિહાય અધ્યયન નિષ્પત્તી/અધ્યયન ક્ષમતા વિચારમાં લીધેલ છે. સંકલીત મૂલ્યમાપન કસોટીઓ સંબંધિત ધોરણો અને વિષયોના અધ્યયન નિષ્પત્તીપર આધારિત હશે.

સર્વસાધારણ સૂચના : ધોરણ છઠ્ઠું થી આઠમાં માટે

1) ઉત્તરસૂચિમાં આપ્યાપ્રમાણે અચૂક જવાબ વિદ્યાર્થી લખે તો પૂર્ણ ગુણદાન કરવું.
2) ધોરણ છઠ્ઠાના પ્રશ્નક્રમાંક 1 થી 4 માંના ઉપપ્રશ્ન ક્રમાંક 'ઇ' થી 'ગ' આ ઉપપ્રશ્નોમાટે સૂચના પ્રમાણે એક પ્રતિસાદ / મુધ્દો/ બાબત નોંધે તો 1 ગુણ આપવો. બે પ્રતિસાદ/ મુદ્દા/બાબતો નોંધે તો 2 ગુણ આપવા.
3) ધોરણ સાતમાં અને આઠમાંમાં પ્રશ્ન ક્રમાંક 1 થી 5 માંના ઉપપ્રશ્ન ક્રમાંક 'ગ' અને 'હ' આ ઉપપ્રશ્નો માટે સૂચનાનુસાર એક પ્રતિસાદ/મુદ્દો/બાબત નોંધે તો 1 ગુણ આપવો. બે પ્રતિસાદ /મુદ્દા/ બાબતો નોંધે તો 2 ગુણ આપવા.

ધોરણ - છઠ્ઠું

1) પ્રશ્ન ક્રમાંક 1 થી 4 માં 'અ' થી 'ગ' એમ સાત ઉપપ્રશ્ન છે.
2) પ્રશ્નક્રમાંક 1 થી 4 માં 'અ' થી 'ડ' આ ચાર ઉપપ્રશ્નના દરેકનો 1 ગુણ છે.
3) પ્રશ્નક્રમાંક 1 થી 4 માં 'ઈ' થી 'ગ' આ ત્રણ ઉપપ્રશ્નના દરેકના 2 ગુણ છે.

ધોરણ – સાતમું

1) પ્રશ્નક્રમાંક 1 થી 5 માં 'અ' થી 'ગ' એમ આંઠ ઉપપ્રશ્નો છે.

2) પ્રશ્નક્રમાંક 1 થી 5 માં 'અ' થી 'ફ' આ છ ઉપપ્રશ્નના દરેકનો 1 ગુણ છે.

3) પ્રશ્નક્રમાંક 1 થી 5 માં 'ગ' થી 'હ' આ બે ઉપપ્રશ્નાના દરેકના 2 ગુણ છે.

ધોરણ – આઠમું

1) પ્રશ્ન ક્રમાંક 1 થી 5 માં 'અ' થી 'હ' એમ આંઠ-ઉપપ્રશ્ન છે.

2) પ્રશ્નક્રમાંક 1 થી 5 માં 'અ' થી 'ફ' આ છ ઉપપ્રશ્નના દરેકનો 1 ગુણ છે.

3) પ્રશ્નક્રમાંક 1 થી 5 માં 'ગ' અને 'હ' આ બે ઉપપ્રશ્નના દરેકના 2 ગુણ છે.

■■■

મૌખીક પ્રશ્ન

સર્વસાધારણ સૂચના : ધોરણ છઠ્ઠા થી આઠમા માટે.

સૂચના : 1) વિદ્યાર્થીઓ મૌખીક પ્રશ્નોના જવાબ મનમાં વિચાર કરીને લખવાના છે.

2) નીચેના પ્રશ્ન પૂછતા પહેલાં લેખીત કસોટી વિદ્યાર્થીઓને આપવી. ત્યારબાદ આખા વર્ગને ઉદ્દેશીને મૌખીક પ્રશ્નો પૂછવા અને 01 થી 05 આ ક્રમાંકમાં વિદ્યાર્થીઓએ યોગ્ય પ્રતિસાદ લેખીત સ્વરૂપમાં નોંધવાનું કહેવું.

ધોરણ - છઠ્ઠું ગુણ - 5

O 1 : વધારે વરસાદ પડતો હોય તેવા પ્રદેશમાં કેવા પ્રકારના ઘર હોય છે ?

O 2 : ભારતમાંની નકશા તૈયાર કરતી મુખ્ય સંસ્થા કઈ ?

O 3 : સમુદ્રપર તરતા બરફના મોટા તુકડાને શું કહે છે ?

O 4 : માનવી શરીરપર નિયંત્રણ રાખનાર સંસ્થા કઈ તેનું નામ કહે ?

O 5 : ભારતીય હરિતક્રાંતીના જનક કોણ છે તે કહે ?

ધોરણ - સાતમું ગુણ - 5

O 1 : વાતાવરણના ક્યા થરમાં વાયુ મળતો નથી ?

O 2 : સૂર્યમાળાનો ક્યો ગ્રહ ઝંઝાવતીગ્રહ તરીકે ઓળખાય છે ?

O 3 : અગ્નીશામકના નળામાં ક્યો વાયુ હોય છે ?

O 4 : ભારતમાં રબરનું સૌથી વધારે ઉત્પાદન ક્યા રાજ્યમાં થાય છે ?

O 5 : પરસેવો તૈયાર કરતી ગ્રંથીને શું કહે છે ?

ધોરણ - આઠમું ગુણ - 5

O 1 : દાંતપર ક્યાં કઠણ પદાર્થનું આવરણ હોય છે ?

O 2 : હોકાયંત્રમાં ક્યા પ્રકારનું ચુંબક વપરાય છે ?

O 3 : એકદળ બીનું કોઈપણ એક ઉદાહરણ કહે.

O 4 : પાણીની ઘનતા ક્યા તાપમાને સૌથી વધારે હોય છે ?

O 5 : શ્રાવ્યાતીત ધ્વની (Ultrasoinic sound) સાંભળી શકતા કોઈપણ એક પ્રાણીનું નામ કહે.

પ્રાત્યક્ષિક માટે ગુણ નિકષ

સર્વસાધારણ સૂચના : ધોરણ છઠ્ઠા થી આઠમા માટે ગુણ - 5

પ્રાત્યક્ષિકમાટે આપેલી પ્રયોગ યાદીનું વાંચન કરી તે માટેનું આવશ્યક સાહિત્ય પુરતા પ્રમાણમાં ભેગુ કરવું. સાહિત્યનો ઉપયોગ કરીને જ પ્રાત્યક્ષિક લેવા.

પ્રાત્યક્ષિકમાટે નીચે પ્રયોગોની યાદી આપી છે. દરેક વિદ્યાર્થીને તેમાંથી કોઈપણ એક પ્રયોગ પસંદ કરાવી તે પ્રાત્યક્ષિક વિદ્યાર્થીઓ પાસેથી કરાવી લેવું.

નીચે આપેલા નિકષાનુસાર ગુણદાન કરવું. કેટલાક પ્રાત્યક્ષિકોના ગુણદાનમાં જરૂર પ્રમાણે અંશતઃ બદલ કરવો.

1) સાહિત્યની ઓળખ છે. ગુણ 1

2) સાહિત્યદ્વારા રચના કરી. ગુણ 1

3) પ્રયોગમાટે યોગ્ય કૃતિ કરી. ગુણ 1

4) નિરીક્ષણોની નોંધ કરી. ગુણ 1

5) અનુમાન/નિષ્કર્ષ તારવ્યો છે. ગુણ 1

ધોરણ - છઠ્ઠું : પ્રયોગ માટેની યાદી

P 1)	આપેલા દાણાઓનું અનાજ અને કઠોળમાં વર્ગીકરણ કરો. (સાહિત્ય - ઘઉં, ચણા, મટકી, બાજરી, ચોખા, તુવેર, ચોળા, જુવાર વગેરે.)
P 2)	ફુગ આ સૂક્ષ્મજીવનો અભ્યાસ કરવો. (સાહિત્ય - બ્રેડ/રોટલી/ભાખરી પર આવેલ ફુગ, ચિપીયો, સ્લાઈડ, સૂક્ષ્મદર્શક વગેરે.)
P 3)	પાણીનું શુધ્ધીકરણ તપાસવું. (સાહિત્ય - ચંચુપાત્ર, પ્લાસ્ટીકની બાટલી અર્ધી કાપેલી, કાંકરા, રેતી, કપડુ, કોલસાનો ભૂકો)
P 4)	આપેલા અન્ન પદાર્થમાં કાર્બોદિતનું અસ્તિત્વ ઓળખવું. (સાહિત્ય - આયોડિન, ડ્રોપર, બાટેકાની ચીરી, ચિપીયો)
P 5)	પદાર્થની અવસ્થાનું વર્ગીકરણ અભ્યાસવું. ઘટક - કેરોસીન, ઍલ્યુમિનિયમ, કોલસો દુધ, પેટ્રોલ, લોખંડ, પથ્થર, પાણી. (વર્ગીકરણ કોઠો તૈયાર કરવો.)

ધોરણ – સાતમું : પ્રયોગ માટેની યાદી

P 1)	ઘન પદાર્થને ઉષ્ણતા આપતા તેનામાં થતાં બદલાવનો અભ્યાસ કરવો. સાહિત્ય : મીણના તુકડા, મીણબત્તી, વાટકી, સ્ટૅંડ વગેરે અનુમાન :
P 2)	પદાર્થના ગુણધર્મ ઓળખવા. સાહિત્ય : ચૉક, રબરસ્ટૅડ, ખીલો, હથોડી, પુઠું, પાણી, ગુંદર વગેરે અનુમાન :
P 3)	ધ્વની નિર્મિતીમાટે કંપનની આવશ્યકતા છે. તે ચકાસવું. સાહિત્ય : રબરબૅંડ અનુમાન :
P 4)	પરાવર્તિત ચુંબકત્વનો અભ્યાસ કરવો. સાહિત્ય : ચુંબક, સ્ટૅંડ, લોખંડની પટ્ટી, લોખંડનો ભૂકો, ટાંચણી. અનુમાન :
P 5)	સૂર્યપ્રકાશના સાત રંગોનું પૃથક્કરણ કરવું. સાહિત્ય : કાચનો ગ્લાસ, પાણી, સફેદ મોટો કાગળ, સૂર્યપ્રકાશ અનુમાન :

ધોરણ – આઠમું : પ્રયોગ માટેની યાદી

P 1)	ફુલના વિવિધ ભાગોનો અભ્યાસ કરવો. સાહિત્ય : જાસુદ/કોઈપણ ફુલ અનુમાન : .....
P 2)	અન્નપદાર્થોમાંની ભેળસેળ ચકાસવી. સાહિત્ય : રવો, લોખંડનો ભૂકો, કાળામરી, પપૈયાનાબી, હળદર, મેર્ટનિલ યલો, પાણી વગેરે. અનુમાન : .....
P 3)	સ્થિત વિદ્યુતભાર તપાસવો. સાહિત્ય : કાંસકો/પ્લાસ્ટિકની પટ્ટી/ફુગ્ગો/કાગળના ટુકડા. અનુમાન : .....
P 4)	ભૌતિક અને રાસાયણિક ફેરફારનો અભ્યાસ કરવો. સાહિત્ય : લોખંડનો ભૂકો/ ટાંચણીઓ, ચુંબક, કાચુ અને પાકેલું ફળ, પાણી, લાકડું વગેરે. અનુમાન : .....
P 5)	સંયુક્ત સૂક્ષ્મદર્શકની મદદથી વનસ્પતી કોષનો અભ્યાસ કરવો. સાહિત્ય : કાંદો, સૂક્ષ્મદર્શક યંત્ર, પાણી સ્લાઈડ વગેરે. અનુમાન : .....

નોંધ : ધોરણ અનુસાર ઉત્તરસૂચી અને પ્રશ્નનિહાય નિષ્પત્તી તકતો www.maa.ac.in આ સંકેતસ્થળપર ઉપલબ્ધ કરી આપવામાં આવેલ છે.

■■■